For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરામાં ઓનલાઈન ઠગાઈનો સિલસિલો યથાવત : વિવિધ બહાનાં હેઠળ લોકો બન્યા શિકાર

# કેશબેકની લાલચમાં નર્સે SD Payમાં રૂ.૮.૧૫ લાખ લગાવ્યા, એપ બંધ થતાં રૂ.૨.૯૩ લાખ ફસાયા

**વેબસાઇટ** પર રૂ.૪.૫૭ લાખનું બેલેન્સ દેખાડ્યું, ઉપાડવાનો પ્રયાસ કરતા રકમ ન મળતા સાયબર ક્રાઇમમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાના તરસાલી અર્બન હેલ્થ સેન્ટરમાં નર્સ તરીકે ફરજ બજાવતી મહિલાને SD Pay એપમાં રોકાણ કરવાથી નફો અને કેશબેક મળવાની લાલચ આપવામાં આવી હતી. વિશ્વાસમાં આવી મહિલાએ માર્ચ-2025થી મે-2026 દરમિયાન બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડ મારફતે રૂ.8.15 લાખ ટ્રાન્સફર કર્યા હતા. શરૂઆતમાં કેશબેક તથા ટ્રાન્ઝેક્શનના મેસેજ મળતા હોવાથી વિશ્વાસ વધુ મજબૂત થયો હતો. જોકે બાદમાં રકમ ઉપાડવાનો પ્રયાસ કરતા નાણા પરત ન મળતાં સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાણીગેટ વિસ્તારમાં રહેતી 38 વર્ષીય રીનાબેન ચોકસી તરસાલી અર્બન હેલ્થ સેન્ટરમાં નર્સ તરીકે નોકરી કરે છે. તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ભાઈના મિત્ર મારફતે તેમને SD Payમાં રોકાણ કરવાથી નફો અને રોજનું કેશબેક મળવાની માહિતી મળી હતી. ત્યારબાદ ગૂગલ પર SD Pay



અંગે સર્ચ કરતાં ધવલ પટેલ નામની વ્યક્તિ માલિક હોવાનું જાણવા મળ્યું હતું. મહિલાએ આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક કર્યા બાદ તેમની SD Payની વેબસાઈટ પર નોંધણી કરાવવામાં આવી હતી.

નોંધણી દરમિયાન નામ, મોબાઈલ નંબર, આધાર-પાનકાર્ડ, ફોટો, પાસપોર્ટની વિગતો અને ક્રેડિટ કાર્ડની માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ તેમને યુઝરનેમ-પાસવર્ડ આપવામાં આવ્યો હતો. શરૂઆતમાં SD Pay એપ પ્લેસ્ટોર પરથી ડાઉનલોડ કરી હતી, પરંતુ ચાર-પાંચ મહિના બાદ એપનું નામ આપમેળે બદલાઈને Apna Pay થઈ ગયું હતુ.

મહિલાએ બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડ મારફતે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને રૂ.8.15 લાખ SD Pay/Apna Payમાં ટ્રાન્સફર કર્યા હતા. તેમાંથી આશરે રૂ.5.21 લાખ ઉપાડી આપવામા આવ્યા હતા. જ્યારે રૂ.2.93 લાખની રકમ પરત નહીં આપીને તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. બીજી તરફ એપમાં કેશબેક સહિત રૂ.4.57 લાખ બેલેન્સ દેખાતું હતું.

28 મેના રોજ વૉલેટમાં રૂ.2 હજાર ઉમેરવાનો મેસેજ મળતાં મહિલાએ પણ રૂ.2 હજાર ટ્રાન્સફર કર્યા હતા. જોકે ત્યારબાદ બેલેન્સ ઉપાડવાનો પ્રયાસ કરતાં રકમ મળી નહોતી. SD Payની વેબસાઈટ પર આપેલા ઈ-મેઈલ આઈડી પર સંપર્ક કરવા છતાં કોઈ જવાબ ન મળતાં આખરે મહિલા ને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અનુભવ થયો હતો સાયબર ટાઈમ પોલીસે તેમની ફરિયાદના આધારે આરોપીઓનુ લોકેશન મેળવવાની તજવીજ હાથ ધરી છે.

## KYC અપડેટના બહાને મહિલાને રૂ.૭૦ હજારનો ચૂનો

ન્યૂ સમા વિસ્તારમાં રહેતી 43 વર્ષીય મહિલાને સાયબર ઠગોએ KYC અપડેટ કરાવવાના બહાને ફોન કરી રૂ.70 હજારની ઓનલાઈન છેતરપિંડી કરી હતી. બેંકમાંથી બોલતા હોવાનું કહી KYC નહીં કરાય તો ખાતું છ વર્ષ માટે બંધ થઈ જશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ મહિલાને પતિના અવાજ જેવો અવાજ સંભળાવી



વિશ્વાસમાં લઈ અલગ મોબાઈલ નંબર પર રકમ ટ્રાન્સફર કરાવી હતી.

ન્યૂ સમા ચાણક્યપુરી ચાર રસ્તા પાસે રહેતા મધુબેન ચીપરીને તા.14 સપ્ટેમ્બરે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે ઈન્ડિયન ઓવરસીસ બેંકમાંથી બોલતો હોવાનું કહી KYC માટે રૂ.1 લાખ જમા કરાવવાનું જણાવ્યું હતું. મધુબેને પતિ સાથે વાત કર્યા બાદ પૈસા આપવાનું કહેતાં ઠગે પતિને કોન્ફરન્સમાં જોડવાની વાત કરી હતી અને પતિના અવાજ જેવો અવાજ સંભળાવી વિશ્વાસમાં લીધા હતા. બાદમાં પહેલા રૂ.20 હજાર અને ત્યારબાદ મિત્ર પાસેથી રકમ મેળવી રૂ.30 હજાર તથા રૂ.20 હજાર મળી કુલ રૂ.70 હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા. વધુ રૂ.30 હજારની માંગ થતાં શંકા જતા મહિલાએ પતિને જાણ કરી હતી. ફ્રોડની જાણ થતાં તેમણે તાત્કાલિક 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કોલર તથા રકમ મેળવનાર મોબાઈલ નંબરના ધારકની તપાસ શરૂ કરી છે.

## મોબાઇલમાં એપ ડાઉનલોડ કરતાં જ હેક, રૂ.૧.૪૧ લાખ ઉપડ્યા

ડભોઈમાં ઈન્સ્ટાગ્રામ પર આવેલી LumoraTV એપ ડાઉનલોડ કર્યા બાદ યુવકનો મોબાઈલ હેક થયો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. અજાણ્યા સાયબર ઠગોએ યુવકના ત્રણ અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ રૂ.1.41 લાખ ઉપાડી લીધા હતા. ડભોઈની ચુનીલાલપાર્ક સોસાયટીમાં રહેતા 35 વર્ષીય



હેવનકુમાર રમેશભાઈ ધોબીને 11 જૂને ઈન્સ્ટાગ્રામ પર LumoraTV એપની લિંક મળી હતી. એપ ડાઉનલોડ કરતાં રિસ્ક એપનું નોટિફિકેશન આવતા તેમણે તેને તાત્કાલિક અનઈન્સ્ટોલ કરી દીધી હતી. જોકે, તે જ દિવસે સાંજે ગ્રાહકને ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરતી વખતે મોબાઈલ અચાનક હેક થઈ ગયો હતો. ડિસ્પ્લે પર અજીબ લખાણ દેખાયા બાદ પાંચથી સાત મિનિટમાં મોબાઈલ ફરી ચાલુ થયો હતો. ત્યારબાદ બેંક બેલેન્સ તપાસતાં ખાતું ખાલી હોવાનું જણાયું હતું. બેંકમાં તપાસ કરતાં ત્રણ ખાતામાંથી રૂ.1.41 લાખ ઉપડ્યા હોવાનું જાણવા મળ્યું હતું. હેવનકુમારે તાત્કાલિક 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવતા ડભોઈ પોલીસે તપાસ શરૂ કરી છે. મોબાઈલ હેક થયા બાદ બેંક ખાતામાંથી રકમ ઉપડી જતાં યુવકે સમગ્ર ઘટનાની જાણ પરિવારજનોને કરી તાત્કાલિક સાયબર પોલીસનો સંપર્ક કર્યો હતો.

## આમંત્રણની ફાઈલ ખોલતાં વૃદ્ધના ખાતામાંથી રૂ.૧૦.૬૧ લાખ ટ્રાન્સફર

વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતા 78 વર્ષીય રમેશભાઈ દેસાઈને વોટ્સએપ પર આવેલી Wedding Invitation APK ફાઈલ ખોલવી ભારે પડી હતી. ફાઈલ ઓપન કર્યા બાદ તેમના ICICI બેંક અને Bank of Barodaના ખાતામાંથી વિવિધ ટ્રાન્જેક્શન મારફતે કુલ રૂ.10.61 લાખ ઉપડી ગયા



હતા. ફરિયાદ મુજબ, રમેશભાઈના વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી લગ્નનું આમંત્રણ આપતો મેસેજ આવ્યો હતો. મેસેજ સાથે Wedding invitation. apk ફાઈલ મોકલવામાં આવી હતી. લગ્નનું આમંત્રણ હોવાનું માની તેમણે ફાઈલ મોબાઈલમાં ઓપન કરી હતી. બીજા દિવસે બેંક ખાતું ચેક કરતાં કોઈ શંકાસ્પદ ટ્રાન્જેક્શન ન દેખાતા તેમણે મેસેજ અને APK ફાઈલ ડિલીટ કરી દીધી હતી. જોકે, 12 સપ્ટેમ્બરની રાત્રે તેમના મોબાઈલ પર બેંક તથા વિવિધ સેવાઓના OTP અને વેરિફિકેશન કોડના મેસેજ આવવા લાગ્યા હતા. તપાસ કરતાં બંને બેંક ખાતામાંથી રૂ.10.61 લાખ ટ્રાન્સફર થયાનું સામે આવ્યું હતું. મોબાઈલ અને બેંક ખાતા સાથે ચેડાં થયાની આશંકા વચ્ચે તેમણે બંને બેંકોમાં ઓનલાઈન ટ્રાન્જેક્શન બંધ કરાવ્યું હતું. ત્યારબાદ સાયબર ઠગો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### MSU વિવાદ વકર્યો, એબીવીપીના અધ્યક્ષે સાંસદ વિરુદ્ધ મોરચો માંડ્યો

# MSU જેવી પ્રતિષ્ઠિત યુનિ.માં દાદાગીરી કરનાર કોણ?

**વડોદરા** યુવા મોરચાના હોદ્દેદારો પર દાદાગીરીના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.17

એમ.એસ. યુનિવર્સિટીમાં ગણેશ પંડાલમાં થયેલી મારામારીનો મામલો હવે સંગઠનની અંદર જ વિવાદનું સ્વરૂપ લઈ રહ્યો છે. એબીવીપીના શહેર અધ્યક્ષ સહિતના કાર્યકરોએ વડોદરાના સાંસદ હેમાંગ જોષી વિરુદ્ધ સીધો મોરચો માંડ્યો છે.

સોશિયલ મીડિયા પર એબીવીપીના અધ્યક્ષ વેદ ત્રિવેદી દ્વારા એક પોસ્ટર વાયરલ કરવામાં આવી રહ્યું છે, જેમાં સવાલ ઉઠાવાયો છે કે એમએસયુ જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં દાદાગીરી કરનારા કોણ છે? પોસ્ટરમાં દાવો કરવામાં આવ્યો છે કે મારામારીના મુખ્ય આરોપીઓ અને એબીવીપી




વિરુદ્ધ ખોટી એટ્રોસિટી ફરિયાદ કરનાર ફરિયાદી સાંસદના નજીકના છે. ઉપરાંત વડોદરા યુવા મોરચાના મંત્રી પાર્થ પંડ્યા અને તેમના ભાઈ શ્યામ પંડ્યા, પ્રદેશ યુવા મોરચાના ખેલો ભારત સહ સંયોજક તેજસ સોલંકી જે સાંસદના પીએસ છે, તેમના ફોટો સાંસદ સાથે હોવાનું દર્શાવીને એબીવીપી વિરુદ્ધ જૂથ ચલાવવાનો આક્ષેપ કરાયો છે. બીજી તરફ, એબીવીપીના પ્રદેશના કાર્યકરો પણ સોશિયલ મીડિયામાં પોસ્ટર વોરમાં જોડાયા છે. મળતી માહિતી મુજબ, જે વિદ્યાર્થીઓ મારામારીમાં સંડોવાયેલા છે તેમના સાંસદ સાથેના ફોટો એબીવીપીએ વાયરલ કર્યા હતા. સાથે એવો પણ આક્ષેપ છે કે, જ્યારે ઘાયલ કાર્યકર આશિષ સોલંકીની સારવાર ચાલતી હતી, ત્યારે જ ભાજપના લીગલ સેલ દ્વારા સામા પક્ષના વિદ્યાર્થીઓના જામીન કરાવી દેવાયા હતા. જેને લઈને અગાઉ એબીવીપીએ સયાજીગંજ પોલીસ મથકે વિરોધ પણ નોંધાવ્યો હતો. હવે આ પોસ્ટર વોર બાદ મામલો વધુ બિચક્યો છે અને યુનિવર્સિટીનો વિવાદ ભાજપ-એબીવીપીની આંતરિક ખેંચતાણ સુધી પહોંચ્યો છે.

### ગણેશોત્સવમાં આરતી રોકવાના પ્રયાસને પગલે વિવાદ થતાં રજૂઆત

# એબીવીપી સાથે ઘર્ષણ બાદ એટ્રોસિટીની કાર્યવાહીનો વિરોધ

**વિદ્યાર્થીઓને** રાજકારણથી દૂર રાખવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.17

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે વડોદરાના પંડ્યા બ્રિજ નજીક Gen Z યુવાનો એકત્ર થયા હતા. જેમાં ધ્રુવ રાવલ સહિતના યુવાનોએ વડોદરાની રાજકીય સ્થિતિ અને ગણેશોત્સવ દરમિયાન બનેલી ઘટના અંગે રજૂઆત કરી હતી.

વિદ્યાર્થી યુવાનો દ્વારા મળેલી બેઠકમાં ધ્રુવ રાવલે જણાવ્યું કે, થોડા દિવસ પહેલા મોદીના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા



અને આઈ લવ યુ મોદી જી ના પોસ્ટર આપ્યા હતા. ત્યારબાદ હોસ્ટેલમાં ગણપતિ સ્થાપનાને લઈને એબીવીપી સાથે મતભેદ થયો હતો. તેમના દાવા મુજબ, ગણેશ પંડાલમાં ડેપ્યુટી મેયર આદિત્ય પટેલ આરતી કરતા હતા ત્યારે એબીવીપીના કેટલાક યુવાનોએ આવીને આરતી રોકવાનો પ્રયાસ કર્યો હતો. સમજાવટ દરમિયાન બોલાચાલી અને ધક્કામુક્કી બાદ મારામારી થઈ હતી, જેમાં પૂર્વ મેયર સુનિલ સોલંકીના પુત્રને ઈજા થઈ હતી. આ ટાર્ગેટેડ હુમલો ન હોવાનો તેમણે દાવો કર્યો હતો. યુવાનોએ જણાવ્યું કે, ઘટના બાદ માફી માંગવા છતાં વિદ્યાર્થીઓ સામે એટ્રોસિટી એક્ટ હેઠળ કાર્યવાહી કરાઈ છે. સાંસદ હેમંગ જોશી સાથેના ફોટા વાયરલ કરી વિદ્યાર્થીઓને રાજકીય વિવાદમાં ખેંચવામાં આવી રહ્યા હોવાનો પણ આક્ષેપ કરાયો હતો. અંતમાં યુવાનોએ વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છા પાઠવી વિદ્યાર્થીઓને રાજકીય ખેંચતાણથી દૂર રાખવા માંગ કરી હતી.

# કાર વેચવાના બહાને સેલ્સ મેનેજરની કાર હડપ કરી

**રૂ.૪.૫૦ લાખમાં** કાર વેચી આપવાની ખાતરી આપી RC બુક, બે ચાવી અને દસ્તાવેજો લીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા સેલ્સ મેનેજરે પોતાની સેકન્ડ હેન્ડ કાર વેચવા માટે પ્રતાપનગરના પ્રીતી ઓટો ગેરેજના સંચાલકને સોંપી હતી. રૂ.4.50 લાખ કે તેથી વધુમાં કાર વેચી આપવાની ખાતરી આપ્યા બાદ સંચાલકે કાર સાથે ઓરિજિનલ RC બુક, બે ચાવી અને અન્ય દસ્તાવેજો પણ લઈ લીધા હતા. જોકે, લાંબો સમય વીતી જવા છતાં કાર કે તેની રકમ પરત ન કરતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

માંજલપુરમાં કિશન આઈકોન સામે રહેતા અને ફતેગંજની કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા સન્ની પ્રેમચંદ પટીયાલે નાણાકીય મુશ્કેલીને કારણે કાર વેચવાનો નિર્ણય કર્યો હતો. બનેવી એથેશામ ચૌહાણની ભલામણથી તેમણે પ્રતાપનગર હુડા, ONGC ગેટ પાસે પ્રીતી ઓટો ગેરેજના સંચાલક રવિસિંગ અજુપસિંગ પંજાબીનો સંપર્ક કર્યો હતો. જુલાઈ 2025માં કાર ગેરેજ પર મૂક્યા બાદ બીજા દિવસે સન્નીભાઈએ TO ફોર્મ પર સહી કરી હતી અને RC બુક, આધારકાર્ડની નકલ તથા બે ઓરિજિનલ ચાવી સોંપી હતી.

એક મહિના બાદ કાર અંગે પૂછતાં ગ્રાહકોની તપાસ ચાલુ હોવાનું જણાવાયું હતું. ત્યારબાદ ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન વારંવાર પૂછપરછ છતાં યોગ્ય જવાબ મળ્યો નહોતો. અંતે કાર પરત માંગતા સંચાલકે કાર નહીં મળે તેમ કહી ધમકી આપી હતી. અવારનવાર કાર માંગવા આવશો તો ટાંટિયા તોડી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ પણ ફરિયાદમાં કરાયો છે. કાર કે રકમ પરત ન મળતાં સન્નીભાઈએ મકરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### આર્ટ્સના ડોમની જાળવણી માટે મુખ્ય માર્ગ બંધ કરાતા એક્સપેરિમેન્ટલ ગેટ પર અવ્યવસ્થા

# પરીક્ષાના સમયે એક જ ગેટ પર હજારો વિદ્યાર્થીઓનો ધસારો, કલાકો સુધી ટ્રાફિકજામ

**પૂરતી** સિક્યુરિટી અને ટ્રાફિક વ્યવસ્થા નહીં હોવાનો વિદ્યાર્થીઓનો આક્ષેપ, બંધ માર્ગ ખોલવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.17

એમ.એસ. યુનિવર્સિટીમાં હાલ પરીક્ષાઓ ચાલી રહી છે. ત્યારે વહીવટી તંત્રના એક નિર્ણયથી વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.આર્ટ્સ ફેકલ્ટીના ડોમની જાળવણી માટે લેવાયેલા નિર્ણયથી એક્સપેરિમેન્ટલ ગેટ પર કલાકો સુધી ટ્રાફિકજામ થયો હતો.

મહારજા સયાજીરાવ યુનિવર્સીટીની આર્ટસ ફેકલ્ટીના ઐતિહાસિક ડોમની જાળવણીના કારણે કોમર્સથી આર્ટસ તરફ જતો મુખ્ય વાહન માર્ગ તંત્રએ બંધ કરી દીધો છે. જેના કારણે સમગ્ર



કેમ્પસની અવરજવર એક્સપેરિમેન્ટલ સ્કૂલ ગેટ પર કેન્દ્રિત થઈ ગઈ છે. આજે સ્થિતિ વધુ વણસી હતી. એક તરફ કોમર્સના એસ.વાય. અને આર્ટસના ટી.વાય.ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપીને બહાર નીકળી રહ્યા હતા, તો બીજી તરફ કોમર્સ એફ.વાય.ના વિદ્યાર્થીઓ પ્રવેશી રહ્યા હતા. હજારો વિદ્યાર્થીઓ અને વાહનો એકસાથે એક જ ગેટ પર આવી જતાં કલાકો સુધી ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે, પરીક્ષા જેવા સંવેદનશીલ સમયે પૂરતી સિક્યુરિટી અને ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી. લાંબી કતારોમાં અટવાઈને અનેક પરીક્ષાર્થીઓ માનસિક તણાવમાં આવી ગયા હતા. આ અંગે વિદ્યાર્થીઓએ માંગ કરી છે કે, પરીક્ષાનો સમય પૂર્ણ થાય ત્યાં સુધી આર્ટસ-કોમર્સ વચ્ચેનો બંધ માર્ગ તાત્કાલિક ધોરણે વાહનો માટે ખોલવામાં આવે, જેથી ભીડ અને અવ્યવસ્થાથી બચી શકાય.

### ફીડર કેડરના શિક્ષકોને લાયકાતના આધારે પરીક્ષાની તક

# HTAT માટે ગ્રેજ્યુએશનની ફરજિયાત શરત દૂર

**જિલ્લા** ફેરબદલીના હુકમ છતાં રિલીવ ન થયેલા શિક્ષકોને પણ પાત્ર ગણાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

રાજ્યના શિક્ષકો માટે શિક્ષણ વિભાગે મુખ્ય શિક્ષક બનવા માટેની HTAT (Head Teacher Aptitude Test) પરીક્ષાને લઈને મહત્વની સ્પષ્ટતા કરી છે. નવા નિર્ણય મુજબ હવે HTAT પરીક્ષામાં બેસવા માટે સ્નાતક (ગ્રેજ્યુએટ) હોવું ફરજિયાત રહેશે નહીં. આ નિર્ણયથી બઢતીની રાહ જોઈ રહેલા ફીડર કેડરના અનેક શિક્ષકોને રાહત મળી છે.

શિક્ષણ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, બઢતી માટેની અન્ય તમામ નિયત શરતો પૂર્ણ કરતા ફીડર કેડરના શિક્ષકો પોતાની લાયકાતના આધારે HTAT પરીક્ષા આપી શકશે. ઉમેદવાર સ્નાતક છે કે નહીં, તે બાબતને ધ્યાનમાં લીધા વિના તેને પરીક્ષા માટે પાત્ર ગણવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા ફેરબદલીના હુકમો થઈ ગયા હોય, પરંતુ વહીવટી કારણોસર હજુ સુધી હાલની શિક્ષણ સમિતિમાંથી રિલીવ ન કરાયેલા શિક્ષકોને પણ HTAT માટે પાત્ર ગણવામાં આવશે.

સરકારના આ બંને નિર્ણયોથી વહીવટી પ્રક્રિયાના કારણે અટવાયેલા શિક્ષકોની પરીક્ષા આપવાની તક જળવાઈ રહેશે. લાંબા સમયથી બઢતીની રાહ જોઈ રહેલા શિક્ષકો માટે આ નિર્ણય મહત્વનો માનવામાં આવી રહ્યો છે. શિક્ષક મંડળો દ્વારા પણ સરકારના નિર્ણયને આવકારવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. આ નિર્ણયથી શિક્ષકોમાં રાહતની લાગણી જોવા મળી છે અને મુખ્ય શિક્ષકની બઢતી માટેની પ્રક્રિયા વધુ સરળ બનવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

### ચકાસણી બાદ પણ સ્થિતિ ઠેરની ઠેર

# MS યુનિવર્સિટીની હોસ્ટેલમાં ભોજનની ગુણવત્તાનો ફરી વિવાદ, રબર જેવી રોટલી

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની હોસ્ટેલમાં પીરસાતા ભોજનની ગુણવત્તાને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. ચકાસણી બાદ પણ સ્થિતિ ઠેરની ઠેર જોવા મળી છે. રબર જેવી રોટલી પીરસાતી હોવાનો વિદ્યાર્થિનીએ આક્ષેપ કર્યો છે.

થોડા દિવસ અગાઉ જ હોસ્ટેલના ભોજનની ગુણવત્તા સામે વિદ્યાર્થીઓએ ફરિયાદ કરતા યુનિવર્સિટી તંત્ર અને ફૂડ વિભાગ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ત્યારે તંત્રએ ગુણવત્તા સુધારવાની ખાતરી પણ આપી હતી. જોકે, ચકાસણી બાદ પણ પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. હોસ્ટેલમાં આપવામાં આવતી રોટલી સહિતની ખાદ્ય વસ્તુઓ અત્યંત નબળી





ગુણવત્તાની હોવાનું સામે આવ્યું છે. રોટલી કડક અને રબર જેવી હોવાનો વિદ્યાર્થીઓ આક્ષેપ કરી રહ્યા છે. આ સમગ્ર મામલે એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં વિદ્યાર્થિની દ્વારા હોસ્ટેલના ભોજનની ગુણવત્તા દર્શાવવામાં આવી છે. વીડિયો વાયરલ થતા જ યુનિવર્સિટીની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. વિદ્યાર્થીનીનું કહેવું છે કે, વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. ત્યારે ફરી એકવાર વિવાદ સામે આવતા જવાબદાર તંત્ર કોન્ટ્રાક્ટર સામે શું કાર્યવાહી કરે છે, તે જોવું રહ્યું.

### મકરપુરા હાઇવે પરથી મળેલી લાશનો ભેદ ઉકેલાયો

# લોનના હપ્તાની ઉઘરાણીથી છૂટવા પતિ-પત્નીએ રમેશ પવારની હત્યા કરી

**પોલીસ** દ્વારા પતિ અને પત્નીની ધરપકડ કરાઈ,રિક્ષા છાણી કેનાલ પાસે બિનવારસી હાલતમાં મૂકી બંને ફરાર થઈ ગયા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરાના મકરપુરા વિસ્તારમાં જાંબુવા બાયપાસ નજીકથી મળેલી અજ્ઞાત પુરુષની ડી-કમ્પોઝ લાશના ચકચારી કેસનો પોલીસે ભેદ ઉકેલી પતિ-પત્નીની ધરપકડ કરી છે. મૃતકની ઓળખ રમેશભાઈ ગણપતરાવ પવાર (54) તરીકે થઈ હતી. મકરપુરા પોલીસે 9 સપ્ટેમ્બરે સતી માતા હોટલ નજીક હાઈવેની સાઈડમાંથી લાશ મળી આવ્યા બાદ તપાસ શરૂ કરી હતી.

પોલીસે બનાવના સ્થળથી મૃતકના ઘર સુધીના રૂટ પરના 80થી 90 CCTV કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ઉપરાંત 30થી 40 લોકોની પૂછપરછ



અને ટેકનિકલ તથા હ્યુમન સોર્સિસની મદદથી આરોપીઓ સુધી પહોંચી હતી.

તપાસમાં હિમાંશુ જગદીશ ખડસે અને તેની પત્ની પૂજા હિમાંશુ ખડસેએ મૃતકના નામે લોન લીધી હોવાનું બહાર આવ્યું હતું. હપ્તા ભરાતા ન હોવાથી રમેશભાઈ ઉઘરાણી કરતા હતા. આથી બંનેએ કથિત રીતે હત્યાનું કાવતરું રચ્યું હતું. 7 સપ્ટેમ્બરની રાત્રે રમેશભાઈને બરોડા ડેરી પાસે બોલાવી લોખંડના સળિયા અને ટોમીથી છાતીના ભાગે પાંચથી છ ઘા મારી હત્યા કર્યાનો આક્ષેપ છે. ત્યારબાદ લાશ બસમાં લઈ જઈ જાંબુવા બાયપાસ પાસે ફેંકી બંને ફરાર થયા હતા. પોલીસે બંનેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જેટકોની લાઈનના શિફ્ટિંગના કારણે ત્રણ ફ્લાય ઓવરબ્રિજની કામગીરીમાં વિલંબ

**પૂર્વ વિસ્તારના** બ્રિજના કામમાં અડચણ, આવતા વર્ષે મધ્ય સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેરના રીંગ રોડ પર ચાલી રહેલી ત્રણ મહત્વકાંક્ષી ફ્લાય ઓવરબ્રિજની કામગીરીમાં વિલંબ થવા પાછળનું મુખ્ય કારણ જેટકોની હાઈટેન્શન લાઈન હોવાનું સામે આવ્યું છે.સમગ્ર પ્રક્રિયામાં સમય લાગતા ત્રણેય બ્રિજની વાસ્તવિક કામગીરી મોડી શરૂ થઈ હતી. જોકે હવે જેટકોની તમામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

વડોદરા મહાનગર પાલિકાના બ્રિજ વિભાગના કાર્યપાલક ઈજનેર પ્રશાંત જોશીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલ રીંગ રોડ પર ખોડિયાર નગર, સરદાર એસ્ટેટ



અને વૃંદાવન ચાર રસ્તા પાસે ત્રણ બ્રિજની કામગીરી ચાલી રહી છે. શરૂઆતમાં જ્યારે આ બ્રિજના વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા, ત્યારે જ સ્થળ પર જેટકોની લાઈન કાર્યરત હતી. જોશીએ જણાવ્યું કે, જેટકોની પ્રક્રિયા મુજબ વર્ક ઓર્ડર આપ્યા બાદ કોર્પોરેશન દ્વારા ડિપોઝીટની રકમ ભરવાની હોય છે. ત્યારબાદ જેટકો દ્વારા સ્થળ સ્થિતિ મુજબ એસ્ટિમેટ તૈયાર કરી કોર્પોરેશનને રજૂ કરવામાં આવે છે. આ એસ્ટિમેટની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી ડિમાન્ડ નોટ મુજબની રકમ ભર્યા બાદ જ લાઈન શિફ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સમય લાગતા ત્રણેય બ્રિજની વાસ્તવિક કામગીરી મોડી શરૂ થઈ હતી. જોકે હવે જેટકોની તમામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, કામગીરી નિયત સમયમર્યાદામાં જ ચાલી રહી છે અને આવતા વર્ષના મધ્ય સુધીમાં ત્રણેય બ્રિજને લોકાર્પણ તરફ લઈ જવાનો તંત્રનો લક્ષ્યાંક છે. એકવાર વર્ક ઓર્ડરની એમાઉન્ટ ફાઈનલ થયા બાદ જેટકો સાથે સતત સંકલન બેઠકો પણ યોજવામાં આવી હતી.